# અનુક્રમણિકા

| ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૮<br>મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી અરવિંદભાઈ રાણા (સુરત પૂર્વ)<br>“ વ્યાજખોરોની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી ” | | | |
|---|---|---|---|
| **પુરક પ્રશ્ન નં.** | **પૂરક પ્રશ્નની વિગત** | **પ્રશ્ન પૂછનાર માન.ધા.સ.શ્રીનું નામ** | **પાના નંબર** |
| **0.** | **મુળ જવાબ** | | **1** |
| **1.** | રાજ્ય સરકાર દ્વારા વ્યાજખોરીના ગુનાને નિયમન કરવા જે ડ્રાઈવ રાખવામાં આવે છે તેના કારણો જણાવવા વિનંતી છે? | **શ્રી અરવિંદભાઈ રાણા (સુરત પૂર્વ)** | **2 - 3** |
| **2.** | લોક દરબાર યોજવાનો હેતુ અને કારણો શું છે? સમગ્ર રાજ્યમાં ડ્રાઈવ દરમિયાન કેટલાં લોક દરબાર યોજાયેલ છે? | **શ્રી સંજયભાઈ કોરડીયા (જુનાગઢ)** | **4** |
| **3.** | માન.મંત્રીશ્રીએ જે વ્યાજખોરો વિરૂધ્ધની ડ્રાઈવનો ઉલ્લેખ કરેલ છે, તે અન્વયે અગાઉ આવી ડ્રાઈવ યોજાયેલ હોય તો તેની માહિતિ. | **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા -વાલોડ-બારડોલી) | **5** |
| **4.** | આ ગુનામા લાગુ પડતી કલમની પૂરક માહિતી. | | **6 - 7** |

# ટૂંકી મુદ્દતનો પ્રશ્ન

તા.૨૨/૦૮/૨૦૨૪

## “ વ્યાજખોરોની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી ”

ટૂં.મુ.પ્રશ્ન ક્રમાંક:15/5/8 શ્રી અરવિંદ રાણા (સુરત પૂર્વ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.....

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે માસમાં વ્યાજખોરોની વિરૂધ્ધમાં કેટલાં લોકો વિરૂધ્ધ અને કઇ કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૧) **૫૬૫ વ્યાજખોરો વિરૂધ્ધ**, BNS કલમ:૩૦૮ (૨) (૫), ૫૪, ૩૫૧ (૨) (૩) (૪), ૩૫૨, ૧૧૫, ૭૮ (૨) ગુજરાત નાણાં ધીરનાર કરનારા બાબત અધિનિયમ ૨૦૧૧ની કલમ:૫, ૩૩ (૧) (૩), ૩૯, ૪૨ (એ) (ડી) (ઇ), ૪૦ મુજબ કાનૂની કાર્યવાહી કરવામાં આવી |
| (૨) વ્યાજખોરો વિરૂધ્ધ લોકો નિર્ભયતાથી ફરિયાદ કરી શકે તે માટે ઉક્ત સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે માસમા કેટલાં લોક દરબારનું આયોજન કરેલ છે? | (૨) **કુલ: ૧૬૪૮** લોક દરબારનું આયોજન કરેલ છે. |

| |
|---|
| **ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૮**<br>**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી અરવિંદભાઇ રાણા (સુરત પૂર્વ)**<br>**“ વ્યાજખોરોની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી ”** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર MLA શ્રી – શ્રી અરવિંદભાઇ રાણા (સુરત પૂર્વ)**<br>**પૂરક પ્રશ્ન–(૧): રાજ્ય સરકાર દ્વારા વ્યાજખોરીના ગુનાને નિયમન કરવા જે ડ્રાઇવ રાખવામાં આવે છે તેના કારણો જણાવવા વિનંતી છે?** |
| **માન. અદયક્ષશ્રી,**<br><br>વ્યાજખોરીએ કાનુની  અને સામાજીક એમ બન્ને પ્રકારનું દુષણ છે. આ સમસ્યા પહેલી નજરે દેખાય એટલી સાદી નથી. આ એક એવું ઝેરીલું બીજ છે જેમાંથી અનેક દુષણો અને ગુનાઓ જન્મે છે. **જેની વિગતો જોઇએ તો.........**<br><br>1. મધ્યુ ગુજરાતના **એક ખેડૂતે ગાય લેવા માટે** દીકરાની વહુ તથા પત્નીના **દાગીના ગીરવે મૂકી ૮૦ હજાર રૂપિયા** વ્યાજે લીધેલ હતા, વ્યાજ સહિત રકમ ચુકવેલ હોવા છતાં **દીકરીનો શ્રીમંતનો પ્રસંગ હોવાથી** દાગીના પરત ન આપતા હોવાથી પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરી **દાગીના પરત અપાવવામાં આવેલ છે**.<br><br>2. એક વ્યક્તિએ પોતાના ધંધાકીય કામ માટે **૨૩ લાખ ૧૦ ટકા વ્યાજે** લીધેલ હતા. જેના સામે **૪૦ લાખ ચુકવેલ** હોવા છતાં વ્યાજખોર દ્વારા પાસપોર્ટ તથા ગાડીના કાગળો લઇ લેવા તેમજ ધાક–ધમકી આપતા હોવાથી પોલીસ દ્વારા ગુનો નોધી  **ગાડી તથા પાસપોર્ટ પરત અપાવેલ છે**. |

3. એક મધ્યમ વર્ગીય પિતાએ પોતાના **દિકરાને વિદેશ મોકલવાનું** સ્વપ્ન જોઈને **દિકરાને વિદેશ ભણવા** મોકલવા સારું **૫ ટકા વ્યાજે** લીધેલ રૂપિયા **૩ લાખની સામે ૬ લાખ ૬૦** હજાર ચુકવેલ હોવા છતાં હેરાનગતી થતી હતી, પોલીસે **ગુનો દાખલ કરીને દાખલા રૂપ કાર્યવાહી કરી છે.**

**(સુરતમાં ૮૨ ગુનાઓ દાખલ થયેલ છે. )**

**ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૮**

**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી અરવિંદભાઇ રાણા (સુરત પૂર્વ)**

**" વ્યાજખોરોની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી "**

**પૂરક પ્રશ્ન પૂછનાર MLA શ્રી – સંજયભાઇ કોરડીયા (જુનાગઢ)**

**પૂરક પ્રશ્ન–(૨): લોક દરબાર યોજવાનો હેતુ અને કારણો શું છે? સમગ્ર રાજ્યમાં ડ્રાઇવ દરમિયાન કેટલાં લોક દરબાર યોજાયેલ છે?**

**માન. અધ્યક્ષશ્રી,**

- રાજ્યના લોકો અને પોલીસ તંત્ર વચ્ચેનું અંતર ઘટે અને મુક્તમને પોતાની ફરિયાદ પોલીસ અધિકારીઓ અને તંત્ર સામે રજૂ કરે શકે તે માટે લોકદરબાર યોજવામાં આવે છે.
- વ્યાજના ધંધા સાથે સંકળાયેલ લોકોથી લોકોમાં ભય ન રહે, લોકો નિર્ભય બનીને ફરીયાદ કરવા આગળ આવે, લોકોને સરકારની ધીરાણની અન્ય યોજનાઓ વિશે માહિતી મળે તે માટે .

તા.૨૧/૦૬/૨૦૨૪ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીની વ્યાજખોરો વિરૂધ્ધની ઝુંબેશ દરમ્યાન સમગ્ર રાજયમાં **કુલ–૧૬૪૮** લોકદરબારો યોજવામાં આવેલ છે. જેમાં **૭૪૮૪૮ લોકો હાજર રહેલ** હતા.

આ લોકદરબારમાં **કુલ ૨૬૯૮ અધિકારીઓ** પ્રજાજનો વચ્ચે ઉપસ્થિત રહેલ હતા. તેમા **૧૩૦ તો IPS** ઓફીસર્સ (SP/IGP/DCP/CP રેન્ક) ઉપસ્થિત રહેલ બાકીના **૨૨૮** DySP, **૬૯૯** PI, **૧૬૪૧** PSI ઉપસ્થિત રહેલ હતા.

**(જુનાગઢમાં કુલ– ૩૨ ગુનાઓ દાખલ કરેલ છે**.)

**ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૮**

**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી અરવિંદભાઇ રાણા (સુરત પૂર્વ)**

**" વ્યાજખોરોની વિરૂદ્ધ કાનૂની કાર્યવાહી "**

**પૂરક પ્રશ્ન પૂછનાર MLA શ્રી –મોહનભાઇ ઢોડિયા** (મહુવા -વાલોડ-બારડોલી)

**પૂરક પ્રશ્ન–(૩):માન.મંત્રીશ્રીએ જે વ્યાજખોરો વિરૂદ્ધની ડ્રાઇવનો ઉલ્લેખ કરેલ છે, તે અન્વયે અગાઉ આવી ડ્રાઇવ યોજાયેલ હોય તો તેની માહિતિ.**

માન. અધ્યક્ષશ્રી,

માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જ્યારે મુખ્યપ્રધાન થયા ત્યારે નવી સરકારની ગણતરીના કલાકોમાં જ આ દૂષણ ડામવા સૂચના આપી હતી અને રાજ્યના પોલીસ તંત્રએ જાન્યુઆરી– ૨૦૨૩માં આ ડ્રાઇવ યોજીને......

(૧) કુલ **૧૪૮૧ ઇસમો** વિરૂધ્ધ કુલ: **૮૪૭ ગુનાઓ દાખલ** કરવામા આવેલ.

(૨) કુલ: **૧૦૩૯** ઇસમોની અટકાયત કરેલ.

(૩) કુલ: **૨૩૮૯** લોક દરબાર યોજેલ.

(૪) કુલ: **૪૧૮૯ અધીકારીઓ,** કુલ: **૧,૨૯,૪૮૮ પ્રજાજનો** હાજર રહેલ.

**ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૮**

**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી અરવિંદભાઇ રાણા (સુરત પૂર્વ)**

**" વ્યાજખોરોની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી "**

# પૂરક માહીતી

**માન. અધ્યક્ષશ્રી,**

**ભારતીય દંડ સંહિતા**

- ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૧૪ માં મદદગારી કરવા માટે જે ગુનામાં મદદગારી કરી હોય તે ગુનાની સજા તેમજ
- કલમ–૩૨૩ વ્યથા કરવા માટે ૦૧ વર્ષની કેદ તથા રૂ. ૧૦૦૦/– દંડ તેમજ
- કલમ–૩૮૪ બળજબરીથી કઢાવી લેવા માટે ૦૩ વર્ષની કેદ અને દંડ તેમજ
- કલમ–૩૮૬ મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકીને બળજબરીથી કઢાવી લેવા માટે ૧૦ વર્ષની કેદ અને દંડ તેમજ
- કલમ–૩૮૭ બળજબરીથી કઢાવી લેવા માટે મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકવા માટે ૦૭ વર્ષની કેદ અને દંડ તેમજ
- કલમ–૪૦૩ બદદાનતથી મિલકતનો દુવિનિયોગ કરવા માટે ૦૨ વર્ષની કેદ અને દંડ તેમજ
- કલમ–૪૦૬ ગુનાહિત વિશ્વાસઘાત માટે ૦૩ વર્ષની કેદ અને દંડ તેમજ
- કલમ–૪૨૦ ઠગાઇ કરવા માટે ૦૭ વર્ષની કેદ અને દંડ તેમજ
- કલમ–૪૬૮ ખોટો દસ્તાવેજ બનાવવા માટે ૦૭ વર્ષની કેદ અને દંડ તેમજ
- કલમ–૪૭૧ ખોટા દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા માટે ૧૦ વર્ષ કે આજીવન કેદ તથા દંડ તેમજ
- કલમ–૫૦૬(૨) ગુનાહિત ધમકી માટે ૦૨ વર્ષની કેદ અથવા દંડ તેમજ

**ગુજરાત નાણાં ધિરધાર અધિનિયમ:–**

- ગુજરાત નાણાં ધિરધાર અધિનિયમ–૨૦૧૧ની કલમ– ૩૩ વ્યાજના દર ઉપરની મર્યાદા નકકી કરવામાં આવેલ છે.
- કલમ–૪૦ દેણદારને સતામણી માટે ૦૨ વર્ષની કેદ અથવા રૂ.૨૫,૦૦૦/– દંડ
- કલમ ૪૨ (એ) રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય નાણા ધિરધાર કરવુ, (ડી) ઉંચા દરે વ્યાજની માંગણી, (ઇ) દસ્તાવેજ વિગેરેમાં ખોટી રકમની નોંધ કરવા માટે ૦૨ વર્ષની કેદ અને રૂ.૨૫,૦૦૦/– દંડ
- કલમ–૪૩ હિસાબો ન રાખવા તેમજ હિસાબોના પત્રકો પુરા પાડવામાં ન આવે તો રૂ.૧૦,૦૦૦/– સુધીના દંડની જોગવાઇ
- કલમ–૪૪ માં આ અધિનિયમની કોઇપણ જોગવાઇઓનું પાલન ન કરે તો ૦૧ વર્ષની કેદ તથા રૂ.૧૦,૦૦૦/– દંડની જોગવાઇ કરવામાં આવેલ છે.

આમ ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરનારા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.